ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૬ ટકા ● સાંજે ૨૧ ટકા

# સમગ્ર શહેરમાં લોકડાઉનનું જડબેસલાક પાલન

ગાંધીનગર, તા.૧

કોરોનાએ ગુજરાત રાજ્યમાં તો કહેર મચાવ્યો છે સાથે નગરમાં પણ કોરોના વાયરસ વકર્યો છે. એક સમય એવો હતો કે એક જ પરિવારના તમામ સભ્યોને કોરોના હતો બધા ઠીક થઈ જતા શહેર કોરોના મુક્ત બન્યું હતું પરંતુ તેના બે દિવસ બાદ જ એકાએક કોરોનાના કેસ વધતા જણાઈ રહ્યા છે. જેનો આંકડો લગભગ પચાસે પહોંચ્યો છે. જે સેકટરમાં કોરોનાગ્રસ્ત દર્દી હોય ત્યાં પોલીસનો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો અને હાલ પણ જે સેકટરમાં કેસ આવી રહ્યા છે તે સેકટરને સંપૂર્ણ કન્ટેન્ટમેન્ટ વિસ્તાર જાહેર કરી દેવામાં આવ્યા છે. સેકટરમાંથી આવા જવામાં પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

વર્તમાન સંજોગોને ધ્યાનમાં લઈ શહેરીજનો પણ સતર્ક બન્યા છે. હાલ તેઓ લોકડાઉનનો સંપૂર્ણપણે અમલ કરી રહ્યા છે. આ ઉપરાંત સેક્ટરો અને સોસાયટીઓના રહીશો પોતે જ પોતાની સોસાયટીને પ્રોટેક્ટ કરી રહ્યા છે સોસાયટીના ગેટને સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવી રહ્યા છે. સોસાયટીની બહાર આવવા જવાના સમયે સવારે અને સાંજે તેમ નક્કી કરી દેવામાં આવ્યા છે કામ વગર ફરતું દેખાય કે ઘરની બહાર પણ નીકળે તો તેને તુરંત જ ઘરે મોકલી દેવામાં આવે છે. સોસાયટીઓના ગાર્ડન પણ સુના છે. ઉપરાંત જે સેક્ટરોમાં પ્રવેશવાના બે થી વધુ રસ્તા છે તે દરેક સેક્ટરોમાં ફક્ત એક જ રસ્તાને ખુલ્લા રાખવામાં આવ્યો છે અને ત્યાં પણ સેક્ટરવાસીઓ દ્વારા સ્વયં નાકાબંધી કરી દેવામાં આવી છે. બહારના કોઈ વ્યક્તિને તેની અંદર પ્રવેશ આપવામાં આવતો નથી. આ ઉપરાંત શાકભાજી વાળા ને પણ એક જ સમયે બોલાવીને વારાફરતી દરેક ફળ અને શાકભાજીની ખરીદી કરી રહ્યા છે ઉપરાંત સેક્ટરના યુવાનો સેક્ટરના પ્રવેશદ્વાર ઉપર ચોકીદારી કરી રહ્યા છે. સમગ્ર શહેરના રસ્તા ખાલીખમ જણાય રહ્યા છે. આમ, શહેરીજનો પોતાની રીતે કડકપણે લોકડાઉનનું પાલન કરી રહ્યા છે.



કોરોના મહામારીના સંદર્ભે સે-૨૭ આનંદનગર અને ગાયત્રીનગર ના યુવાનો દ્વારા સેકટરમાં આવતા દરેક રસ્તાઓને નાકાબંધી કરી અને એકજ રસ્તે બંને સોસાયટીના રહીશોને કામ હોય તો જ બહાર નીકળવા માટે જણાવવામાં આવ્યું છે અને જે આવ-જા કરે તેમને સેનેટાઈઝરથી હાથ સાફ કરાવ્યા બાદ પ્રવેશ આપવામાં આવે છે. આ ઉપરાંત બહારની કોઈ પણ વ્યક્તિ ને સોસાયટીમાં આવતા રોકવામાં આવે છે. આ કાર્ય સેક્ટરના ઉત્સાહી એવા ઉરેન પટેલ, ભરતસિંહ, સંજય સોની, સેવંતી પટેલ, અજય, મયુરભાઈ, પ્રિયંક, મિત અને યુવા મિત્રો દ્વારા અલગ - અલગ સમયે જવાબદારી લઈને કરવામાં આવી રહ્યું છે.

## શહેરની મહિલા સાથે પેટીએમ કેવાયસીના બહાને રૂપિયા ૧૮,૯૯૨ની છેતરપિંડી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના સેકટર-૩ ખાતે રહેતા એક બહેન પેટીએમ કેવાયસીના બહાને ભેજાબાજ ઠગે રૂ.૧૮૯૯૨ની ઓનલાઈન છેંતરપિંડી કરી છે. શહેરના સેકટર-૩ એ ખાતે રહેતા જશોદાબેન હર્ષદભાઈ પરમારના ત્યાં ગત્ તા.૧૯ એપ્રિલના રોજ બપોરના સુમારે ફોન આવ્યો હતો. જેમાં ફોન કરનાર શખ્સો પેટીએમ કસ્ટમર કેરમાંથી બોલી રહ્યો છુ, તમારું કેવાયસી કરાવી દો અને પેટીએમ ઈ-વોલેટમાં ૨ રૂપીયા ટ્રાન્સફર કરી દો તેમ કહ્યું હતું. જેનો પગલે મહિલાએ પોતાના બેંક ખાતામાંથી પેટીએમ વોલેટમાં બે રૂપીયા ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ મહિલા પર ફરીવાર ફોન આવ્યો હતો અને કેવાયસી થતુ નથી તેમ કહીને બીજી બેંકમાંથી પૈસા નાંખવાનું કહ્યું હતું. જેથી મહિલાએ પોતાના બીજા બેંક એકાઉન્ટમાંથી પૈસા ટ્રાન્સફર કરવા લાગતા જ ફોનની સ્ક્રિન ડબલ-ડબલ નંબરો દેખાવા લાગ્યા હતા. જે બાદ તેમના ફોન પર બેંકમાંથી રૂ.૯૯૯૯, ૧૪૨૩, ૪૦૦૦, ૩૫૦૦ રૂપીયા ડેબીટ થયાના મેસેજ આવ્યા હતા. જેથી મહિલાએ સામે ફોન કરીને રૂપીયા કપાય છે તેમ કહેતા ભેજાબાજ ઠગે કેવાયસી કરતો હોવાનું કહીને ફોન કટ કરી દીધો હતો. જેને પગલે મહિલાએ સેકટર-૭ પોલીસ મથકે ઓનલાઈન છેંતરપિંડીની ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.



ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં.૭ના કોર્પોરેટર રાકેશભાઈ પટેલે તેમના જન્મદિવસની ઉજવણી અનોખી રીતે કરી હતી. તેમના વિસ્તારના જરૂરીયાતમંદોને કરીયાણાની કીટનું વિતરણ તેઓએ કર્યું હતું.

## સિવિલમાં ફરજ બજાવતા કાયમી ડ્રાઈવર આરામના મુડમાં

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર સિવિલ ખાતે ફરજ બજાવતા કાયમી ડ્રાઈવરો આરામના મુડમાં જણાઈ આવે છે. જયારે ખાનગી કોન્ટ્રાકટ હેઠળ ફરજ મામુલી પગારમાં બજાવતા ડ્રાઈવરો પર જોહુકમી ચલાવવામાં આવી રહી છે તેવો સુર ઉઠવા પામ્યો છે.

કોરના મહામારીના પગલે અત્યારે દરેક ક્ષેત્રમાં સેવાકર્મીઓ પોતાની સેવા દિવસ રાત નિઃસ્વાર્થ ભાવે નિભાવી રહ્યા છે. એકબીજાની પરિસ્થિતિ સમજી કામ વહેંચી લે છે અને ફરજ પુરી કરે છે ત્યારે હાલ કોવીડની મહામારીમાં રાત દિવસ જોયા વિના ગાંધીનગર સિવિલ ખાતે હંગામી ડ્રાઈવરો દોડધામ કરતા નજરે પડે છે. જયારે કાયમી ડ્રાઈવરો બેઠા બેઠા સંચાલન કરી રહ્યા છે. ડ્રાઈવરના ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવતા કર્મચારી તો ગાડીને હાથ પણ લગાડતા નથી. સિવિલમાં ઈમરજન્સીમાં જવાનું હોય તો પણ કોન્ટ્રાકટના ડ્રાઈવરની રાહ જોવામાં આવે છે. હાલના સમયે કોરોના પોઝીટીવ દર્દીઓને લેવા મુકવા અને અમદાવાદના ફેરા પણ ફરજ દરમિયાન કોન્ટ્રાકટમાં ફરજ બજાવતા ડ્રાઈવરને જ મારવા પડે છે. ત્યારે તમામ ડ્રાઈવરને વારાફરતી ડયુટી આપીને ફરજ બજાવવાનો લાભ આપવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## રેડક્રોસ ગાંધીનગર જિલ્લા શાખાનું ઈટાદરામાં કીટ વિતરણ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લાની ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા તથા સ્વામી કરૂણાનંદ સેવા સમિતિના ઉપક્રમે માણસા તાલુકાના ઈટાદરા મુકામે જરૂરિયાતમંદ વર્ગના નાગરિકો માટે ગામના દાતાના સહકારથી ૧૬૦ કિટ ખાદ્ય સામગ્રીનુ વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્ય માટે રેડક્રોસ સોસાયટીના સભ્ય દેનાબેંક સે-૨૨ના રામભાઈ તથા સ્વામી કરૂણાનંદ સેવા સમિતિના સભ્ય કનુભાઈ આસોડીયા, રતિલાલ પઢિયાર, રાજુભાઈ પઢિયાર તથા મહંત પ્રભુદાસનો સહયોગ પ્રાપ્ત થયો હતો.




## શહેરમાં ઑનલાઈન મહાત્મા ગાંધી કવિ સંમેલન યોજાયું

### ગુજરાત સ્થાપના દિને મહાત્મા ગાંધી સાહિત્ય સભા દ્વારા આયોજિત ઓનલાઈન કવિ સંમેલનમાં ૫૦ જેટલાં કવિઓએ તેમની કૃતિ રજુ કરી



ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાં મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થાના ઉપક્રમે સૌ પ્રથમવાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જીવન પર આધારિત કવિ સંમેલન ગુજરાતના સ્થાપના દિવસ ૧ મે નિમિત્તે ઑનલાઈન કવિ સંમેલન યોજવામાં આવ્યું હતું. આ કવિ સંમેલનમાં ૫૦ જેટલાં કવિઓએ મહાત્મા ગાંધીજીના જીવન આધારિત કૃતિઓ પ્રસ્તુત કરી હતી.

ગુજરાત સ્થાપના દિન નિમિત્તે મહાત્મા ગાંધી સાહિત્ય સભા આયોજિત ઓનલાઈન કવિ સંમેલનનો પ્રારંભ બપોરે બે વાગે ગાંધીનગરના મહાત્મા ગાંધી મંદિર ખાતેથી શહેરના ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘરે કરાવ્યો હતો. આ કવિ સંમેલનમાં ગાંધીનગર, અમદાવાદ ઉપરાંત ગુજરાતના અનેક જિલ્લાઓમાંથી તેમજ મુંબઈ, બેંગલોર જેવા ગુજરાત બહારના શહેરોમાંથી પણ સહિત્યકારોએ ભાગ લીધો હતો. કવિ સંમેલનમાં ભાગ લેનારા કવિઓમાં જિલ્લા શિક્ષણાધિકારી નિષેધ મકવાણા અને સમર્પણ આર્ટ્સ કૉલેજના પ્રિન્સિપલ દીપક પંડયા સહિત અનેક નામી-અનામી અને યુવા તથા મહિલા કવિઓએ પણ ભાગ લીધો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર સાહિત્ય સભાના પૂર્વ પ્રમુખ તથા સંગમ સાહિત્ય સભાના પ્રમુખ નટવર ભાઈ હેડાઉ ઉપસ્થિત રહ્યાં હતા. આ કવિ સંમેલનમાં ભાગ લેનારા કવિઓએ પોતાની કૃતિઓ આયોજકો દ્વારા સોશિયલ મીડિયાના ઉપયોગ થકી તૈયાર કરવામાં આવેલ ઓનલાઈન પ્લેટફોર્મ પર ક્રમાનુસાર પ્રસ્તુત કરી હતી. મહાત્મા ગાંધીના જીવન પર આધારિત ઓનલાઈન કવિ સંમેલન વિશ્વમાં કદાચ સૌપ્રથમવાર યોજાયું હોવાનો દાવો આયોજકોએ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન મહાત્મા ગાંધી સાહિત્ય સભાના પ્રમુખ ડૉ. ગુલાબચંદ પટેલ તથા તેનું સંચાલન સંયોજક રમેશભાઈ મુલવાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

## ગુજરાત સ્થાપના દિને હેપ્પી યુથ ક્લબે કર્યુ કોરોના વોરિયર્સનું અભિવાદન





ગાંધીનગર, તા. ૧

આજે ગુજરાતનાં સ્થાપના દિવસની ઉજવણી લૉકડાઉનમાં રહીને પણ દરેકે પોત પોતાની રીતે કરી હતી ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પી યુથ કલબ દ્વારા આ પ્રસંગે ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ સમા પોલીસ કર્મચારીઓને બિરદાવીને ઉજવણી કરી હતી.

કોરોના મહામારી પગલે અત્યારે દેશભરમાં લૉકડાઉનની સ્થિતિ છે. આ સ્થિતિમાં કોરોના વાયરસનું સંક્રમણ વધુ ફેલાય નહીં તે માટે દેશભરમાં ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ તરીકે પોલીસ અને અન્ય સુરક્ષા કર્મચારીઓ, સહયોગી એજન્સીઓના જવાનો તેમજ સ્વયંસેવી સંસ્થાઓના જવાનો પોતાના જીવની ફિકર કર્યા વિના તૈનાત છે. આ ઉપરાંત તબીબો, નર્સિંગ સ્ટાફ, પેરા મેડિકલ સ્ટાફ, સફાઈ કર્મચારીઓ, ફાયર બ્રિગેડ, બેંક અને વિજળી-પાણી જેવી જીવન જરૂરી સેવાઓના કર્મચારીઓ તેમજ જરૂરીયાતમંદોને ચા-નાસ્તાથી લઈને ભોજન સેવા તથા અનાજ-કરિયાણાની કીટ વિતરણ કરતા સ્વયંસેવકો વગેરે પોતાને કોરોના વાયરસનો ચેપ લાગવાનું જોખમ હોવા છતાં પોતાની ફરજ બજાવે છે. આ તમામને બિરદાવવાના તથા તેમનો આભાર માનવાના પ્રતિકરૂપે ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પી યુથ કલબ દ્વારા આજે ગાંધીનગરના વાવોલ ખાતેની પોલીસ ચોકીના પીએસઆઈ એ. એમ.ચૌધરી સહિત તમામ પોલીસ કર્મીઓને માસ્ક, સેનેટાઈઝર તથા હેપ્પી ચકલીઘરની ભેટ આપી ગુજરાતના સ્થાપના દિનની ઉજવણી કરી હતી. આ સાથે હેપ્પી યુથ કલબના સભ્યોએ તાળી વગાડી તમામ પોલીસ કર્મીઓનું અભિવાદન કરી તેમનો આભાર માન્યો હતો. આ પ્રસંગે વાવોલ ગામના સરપંચ નગીનભાઈ નાડિયાએ પણ ઉપસ્થિત રહી સહયોગ પુરો પાડ્યો હતો. હેપ્પી યુથ કલબ દ્વારા આ કાર્યક્રમમાં લૉકડાઉનના નોર્મ્સનું પાલન કરતા સંસ્થા વતી મર્યાદિત સભ્યોએ ઉપસ્થિત રહી સોશ્યલ ડિસ્ટન્સ પણ જાળવ્યું હતું. કાર્યક્રમમાં હેપ્પી યુથ કલબના રાજદિપસિંહ બિહોલા, ગૌરાંગ પટેલ અને સંસ્થાના કોષાધ્યક્ષ ભાવના રામી ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમના આયોજન માટે વાવોલ પોલીસ ચોકીના પીએસઆઈ એ. એમ.ચૌધરીનો સહયોગ આપવા બદલ સંસ્થાના સભ્યોએ આભાર માન્યો હતો.

### ચિરવિદાય

- સ્વ. પટેલ ડાહીબેન પ્રહલાદભાઈ, ઉ.વ. ૯૦
- સ્વ. રાઠોડ દિલીપસિંહ પ્રવિણસિંહ, ઉ.વ. ૨૨

# મધુર ડેરી દ્વારા રાજયના સ્થાપના દિને 'સંકટથી સ્વાવલંબન' વેબિનાર

ગાંધીનગર, તા.૧

આજે ૧ મે ગુજરાત સ્થાપના દિને આવશ્યક સેવામાં અડીખમ કાર્યરત મધુર ડેરી અને કામધેનુ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે ડિઝટલ ટેકનોલોજીના માધ્યમથી એક વિશેષ વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબીનારમાં પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલા વેટરનરી ડોકડર્સ, મધુર ડેરીની વોરિયર્સ ટીમ, કામધેનુના તજજ્ઞો, જિલ્લાના વેટરનરી વિષય નિષ્ણાતોએ ઓનલાઈન હાજરી આપી હતી. વેબીનારમાં આવકાર પ્રવચનમાં જણાવતા મધુર ડેરીના એમડીશ્રીએ ગાંધીનગર જિલ્લા દૂધ સંઘ દ્વારા કોરોનાની કટોકટીમાં ચાલતી કામગીરી વિશે સૌના માહિતગાર કર્યા હતા. આ વેબિનારથી પશુપાલન અને ડેરીઓ સાથે સંકળાયેલા અધિકારીઓ અને વેટરનરી ડોકટર્સ માટે ઉપયોગી બનશે તેવી આશા વ્યકત કરી આયોજન અને માર્ગદર્શન બદલ મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા અને કામધેનુ યુનિવર્સિટીના વીસી ડૉ. કેલાવાલાને સંકટથી સ્વાવલંબન વિશે પોતાના વિચારો રજુ કરવા આમંત્રણ આપ્યું હતું. ડૉ. કેલાવાલા સાહેબે કોરોનાની કટોકટીને ખૂબ ગંભીરતાથી લઈને પશુપાલકો જ રાજયને સ્વાવલંબનનો રાહ ચીંધી શકશે તે બાબતે વાત કરી હતી. પશુપાલકો માટે ઉપયોગી પશુ ઉછેર અને ગૌ પશુપાલનને વધુ મજબૂત બનાવવા માર્ગદર્શન આપ્યું હતું. વેબીનારના મુખ્ય વક્તા ડૉ. શંકરસિંહ રાણાએ ગુજરાત સ્થાપના દિન નિમિત્તે માનનીય મુખ્યમંત્રીશ્રીએ નાગરિકોને આપેલ આહવાન માસ્ક પહેરો, સોસીયલ ડિસ્ટન્સ રાખો અને રોગપ્રતિકારક શકિત વધારોના મંત્રને સાકાર કરવાની સૌને અપીલ કરી હતી. સ્વ થી જ સ્વાવલંબન આવશે. જાતે જ ડર વિના સાવચેત બની ટકી રહીશું તો આર્થિક સામાજિક સ્વાવલંબન બનાશે. તેમણે આ સમયે પશુપાલન વ્યવસાય એ પરમોધર્મ છે અને



સ્વાવલંબનનું એક સચોટ ઉદાહારણ છે તેની વાત કરી હતી. દૂધની સાથે સાથે શાકભાજીની સેવા પણ મધુર ડેરીએ શરૂ કરીને ખેડૂતોને સ્વાવલંબી બનાવવા પહેલ કરી છે તેની પણ વાત કરી હતી. સહકાર ક્ષેત્ર સ્વાવલંબન તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. સંકટ તો છે પણ સહકારી સ્વાવલંબન વધારવા સરકાર અને પશુપાલકો એકજુટ થઈ પ્રગતિ કરશે તેની વાત કરી હતી. વેબીનારમાં ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહાએ ગુજરાત સ્થાપના દીને સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. સંકટ સામે લડવાનું અને ટકી રહેવાનું તો ગુજરાતીઓના લોહીમાં છે એટલે સાવચેતી અને સહકારથી જલદી બધું ઠીક થશે તેવી આશા વ્યક્ત કરી હતી. ગાંધીનગરમાં કોરોનાના વધતા કેસો સામે હવે સાવધાની બતાવી સહકાર આપવા સૌને અપીલ કરી હતી. કામધેનુના વિસ્તરણ નિયામક ડૉ. વાટલીયાએ તાજેતરના વિષય અનુરૂપ વેબીનારના આયોજન બદલ મધુર ડેરીને ધન્યવાદ આપ્યા હતા. પશુપાલન અને ડેરીથી મોટાભાગના લોકોને રોજગારી મળે છે એટલે સ્વાવલંબન એ પશુપાલન વ્યવસાયનો પર્યાય શબ્દ બની રહેશે. સૌને સુરક્ષિત રહી સહકાર આપવા અનુરોધ કર્યો હતો. અંતમાં મધુર ડેરીના વેટરનરી અધિકારીએ પશુપાલકોએ વાછરડી ઉછેર, ગૌ પશુપાલન, સજીવ ખેતી અને પશુ સારવારમાં આયુર્વેદિક ઉપચાર જેવા મુદ્દે સૌને માહિતી આપી હતી. વેબીનારને અંતે પ્રોકયોરમેન્ટ વિભાગના જનરલ મેનેજર શ્રી હંસાબેન પટેલે આભારવિધિ કરી હતી. અને આ અનોખી પહેલ બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા.